### અણીયોર ગામે લાખ્ખો રૂપિયાના ખર્ચે નિર્માણ થયેલ આરસીસી રોડ અને

# ગૌરવ પથમાં ભ્રષ્ટાચારના પોપડા ઉખડયા

મોડીસા, તા.૭

અરવલ્લી જીલ્લામાં વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે જિલ્લાના વિકાસ માટે ફાળવણી થતી ગ્રાન્ટમાં થી પદાધિકારીઓ,કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરોની મીલીભગત થી ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની અનેક બૂમો જિલ્લાના પ્રજાજનોમાં ઉઠી રહી છે ભ્રષ્ટાચારના પગલે વિકાસ રૂંધાઈ ગયો છે જીલ્લામાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને તો રાજય સરકારે ગ્રાન્ટમાંથી ભ્રષ્ટાચારનો પીળો પરવાનો આપી દીધો હોય તેમ લાખ્ખો રૂપિયા સેરવી ખિસ્સા ભરી રહ્યા છે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના અણીયોર ગામે થોડા મહિના અગાઉ બનાવેલ આર.સી.સી રોડ અને વિકાસપથમાં ભ્રષ્ટાચાર આદરવામાં આવતા રોડ અને વિકાસપથ તૂટી જતા ગ્રામજનોમાં ઉગ્ર રોષ ફેલાયો છે આરસીસી રોડ ના ભ્રષ્ટાચાર અંગે વિજિલન્સ ટિમ દ્વારા તપાસ કરવાની લોક માંગણી પ્રબળ બની છે





માલપુર તાલુકાના અણીયોર ગામે ગામના પ્રવેશદ્વાર થી ઉભારણ રોડ ને જોડાતા માર્ગ પર થોડા મહિના અગાઉ આર.સી.સી રોડ નું નિર્માણ જવાબદાર તંત્ર દ્વારા કરવામાં આવ્યું ત્યારે પણ હલકી કક્ષાનું મટેરીયલ વાપરવામાં આવ્યું હોવાની અને રોડના કામમાં ધારાધોરણ જાળવવામાં આવ્યા ન હોવાની અનેક બૂમો ઉઠી હતી પરંતુ અધિકારીઓ ની મિલીભગતના પગલે કોન્ટ્રાક્ટરે ગામલોકોની વાત અવગણી કામગીરી પૂર્ણ કરી દીધી હતી અને ગૌરવ પથમાં પણ અમુક જગ્યાએ બ્લોક નાખી બરાબર ફિટ ન કરી મોટી ખાયકી કરવામાં આવી હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની હતી આરસીસી રોડને હજુ ત્રણ મહિનાનો પણ સમય થયો નથી અને ઠેર ઠેર રોડ પર ગાબડાં પાડવાની સાથે ધૂળ, રેતી અને કપચી બહાર નીકળતા ગામલોકોનો શક સાચો સાબિત થયો હતો ગામ લોકોમાં જવાબદાર તંત્ર, કોન્ટ્રાક્ટર અને લાગતા વળગતા લોકો સામે વિજિલન્સની તપાસની માંગ કરી હતી અને આરસીસી રોડ ની નબળી કામગીરી અને ગૌરવપથ માં આચરેલી ગોબાચારી અંગે ટૂંક સમયમાં ગાંધીનગર માર્ગ અને મકાન વિભાગ મંત્રી અને મુખ્યમંત્રીને મૌખિક અને લેખિત રજુઆત કરી જવાબદાર તંત્ર અને કોન્ટ્રાક્ટર સામે યોગ્ય પગલાં ભરવા માટે રજુઆત કરવામાં આવશે હોવાનું ગામના જાગૃત યુવાનોએ જણાવ્યું હતું

### ૩ આરોપીને મેડિકલ તપાસ માટે લઈ જતી મેઘરજ પોલીસની

# જીપ બગડતા "આરોપીઓના સરઘસ" જેવો ઘાટ સર્જાયો



મોડાસા, તા.૭

અરવલ્લી જીલ્લાના મેઘરજ પોલીસ પર લીંબોદરા ગામે એક્ટિવા પર વિદેશીદારૂની હેરાફેરી કરતા બાંઠીવાડા ગામના સ્થાનિક ૨ બુટલેગરોને ઝડપી પડતા ૧ બુટલેગર નાસી જઈ થોડી વાર માં સાગરીતો સાથે માર્શલ જીપ માં આવી પોલીસ જવાન પર હુમલો કરતા ચકચાર મચી હતી આ ગુન્હામાં ફરાર ૩ આરોપીઓને મેઘરજ પોલિસે ઝડપી પાડવામાં સફળતા મળતા ગુરુવારે ૩ આરોપીને મેડિકલ તપાસ અર્થે લઈ જતા પોલીસની જીપ બગડતા મેઘરજ પોલિસે ત્રણ આરોપીઓને ભર બજારમાં પોલીસ બંદોબસ્ત સાથે નીકળતા મેઘરજ પોલીસે ત્રણે આરોપીઓનું સરઘસ કાઢ્યું હોય તેવો ઘાટ સર્જાતા લોકો માં ભારે કુતુહુલ પેદા થયું હતું અને ત્રણે આરોપી પોલીસ બંદોબસ્ત સાથે ભર બજારે લઈ જતો વિડીઓ સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા લોકોએ મેઘરજ પોલીસની કામગીરીની સરાહના કરી હતી

પોલીસ તંત્ર દ્વારા આમ આદમીના મનમાંથી લુખ્ખા તત્વો,ગુંડાઓ અને અસામાજિક પ્રવૃતિઓ કરનાર શખ્સોનો ડર દૂર કરવા અને આવા લુખ્ખા તત્વોને ખાખી વર્દીનો અહેસાસ કરાવવા આરોપીઓનું સરઘસ કાઢવામાં આવતું હોય છે ત્યારે અરવલ્લી જિલ્લાના મેઘરજ ગામમાં ૩ આરોપીઓને મેઘરજ પોલીસ સરકારી વાહનમાં મેડિકલ તપાસ માટે લઈ જતા બજારમાં જીપગાડી બગડતા આરોપીઓને રસ્સીથી બાંધેલી હાલતમાં ચાલતા ભર બજારે સરકારી દવાખાને લઈ જતા લોકોમાં ભારે આશ્ચર્ય ફેલાયું હતું અને પોલીસે ૩ આરોપીઓનું સરઘસ કાઢ્યું હોય તેવો સર્જાતા લોકોના ટોળેટોળા આરોપીઓને જોવા ઊમટ્યાં હતા અને કેટલાક લોકાએતો આ ઘટના મોબાઈલમાં કેદ કરી સોશ્યલ મીડિયામાં ફરતી કરી દેતા લોકોએ પોલીસની કામગીરીને આવકારી હતી

ત્રણ આરોપીઓના સરઘસ અંગે વાઈરલ થયેલા વિડીઓ અંગે મેઘરજ પોલીસના પીએસઆઈ શર્મા સાથે ટેલિફોનિક વાત કરતા જણાવ્યું હતું કે ગુરુવારે ૩ આરોપીઓને ૨ વાગે કોર્ટમાં રજુ કરવાના હોવાથી તેમને મેડિકલ પરીક્ષણ માટે આજે ત્રણે આરોપીને સરકારી દવાખાને લઈ જતા હતા ત્યારે પોલીસ જીપ બગડતા પૂરતો બંદોબસ્ત હોવાથી ત્રણે આરોપીઓને ચાલતા લઈને નીકળ્યા હતા અને આ આરોપીઓનું સરઘસ ન હોવાનું જણાવ્યું હતું

# અરવલ્લીમાં તાપમાનનો પારો ૪૧ ડિગ્રી : ગરમીમાં આંશિક ઘટાડો

મોડાસા, તા.૭

અરવલ્લીના મોડાસામાં તાપમાનનો પારો નીચો જતા લોકોએ ગરમીમાંથી આંશિક રાહત અનુભવી હતી, વાદળ છાયા વાતાવરણ અને ઠંડા પવનની લહેરથી તાપમાનનો પારો ૪૧ ડિગ્રી નોંધાયો હતો. ધૂળની ડમરીઓ પણ ઊડતી નજરે પડી હતી. તાપમાનમાં આંશિક ઘટાડો હોવા છતાં મોડાસાના માર્ગો સુમસામ ભાસી રહ્યા હતા.



લોકો ગરમીથી બચવા ઘરની બહાર પણ નીકળવાનું ટાળ્યું હતું, ગરમી સામે રક્ષણ મેળવવા માટે ઠંડા પીણાનો સહારો લેવાની ફરજ પડી હતી,તો તડકાથી બચવા શરીરે રૂમાલ કે દુપટ્ટાઓ બાંધી રક્ષણ મેળવતા જીવ મળ્યા હતા. મોડાસા શહેરના ગ્રામ્ય વિસ્તારોમાં અસહ્ય તાપમાન અને બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે દેહ દઝાડતી ગરમીમાં એક યુવાન રોડની બાજુમાં રહેલા લીમડાના ઝાડ નીચે આરામ ફરમાવી ગરમીથી રાહત મેળવવતો કેમેરામાં કેદ થયો હતો આધુનિક યુગમાં લોકો વાતાનુકુલિત રહેણાંક અને એર કુલર અને પંખાઓમાં જવાબદારીના બોજ તળે નિંદ્રા પૂરતી મેળવી શકતા નથી અને અનિંદ્રા નો ભોગ બનતા મનોચિકિત્સક તબીબની સારવાર લેવી પડે છે બીજી બાજુ આ તસ્વીર ગણું બધું કહી જાય છે.

# સરકારે માંગણીઓ સ્વીકારતા ગ્રામીણ ડાક સેવકોની હડતાલ સમાપ્ત

### ધનસુરા ખાતે ફટાકડા ફોડી મીઠાઈ વહેચી ઉજવણી કરાઈ



ધનસુરા, તા.૭

સરકારે કેબીનેટ મીટીંગ માં ગ્રામીણ પોસ્ટ ઓફીસ ના કર્મચારીઓ ની માંગણીઓ પૂરી કરતા અચોક્કસ મુદત ની હડતાલ સમાપ્ત. દેશ ભર માં હડતાલ સમાપ્ત થતા ધનસુરા તાલુકાના ગ્રામીણ ડાક સેવકો પણ હડતાલ સમાપ્ત કરી કામ માં જોડાયા ધનસુરા તાલુકાના ગ્રામીણ ડાક સેવકો -૨૨-૦૫-૨૦૧૮ થી હડતાલ પર હતા પણ સરકારે માગણીઓ પૂરી કરતા ગ્રામીણ ડાક સેવકો હડતાલ સમાપ્ત કરી કામ માં જોડાયા હતા ધનસુરા ખાતે કર્મચારીઓએ ફટાકડા ફોડી અને મીઠાઈ વહેચી ઉજવણી કરી હતી સાથે સરકાર અને પ્રધાનમંત્રી અને સરકાર નો અભાર માન્યો હતો.ભારત અને ગુજરાતના ગ્રામીણ પોસ્ટ ઓફીસના કર્મચારીઓ ૨૨મીથી (ગ્રામીણ ડાક સેવકો) અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા હતા.

ધનસુરા અને અરવલ્લી ના ગ્રામીણ પોસ્ટ ઓફિસ ના કર્મચારીઓ પણ સાતમા પગાર પંચ અને અન્ય ભથ્થાઓનો લાભ, નવી પેન્શન સ્કીમ ની જગ્યાએ જુની પેન્શન સ્કીમ યથાવત રાખવી, ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવી, અને કમલેશચંદ્ર કમિટીના રિપોર્ટને માન્યતા આપવી જેવી માગણીઓ સાથે અચોક્કસ મુદતની હડતાલ પર હતા. સરકાર દ્વારા તેમની માંગણીઓ પૂરી કરતા આજે હડતાલ સમાપ્ત કરવામાં આવી હતી જેમાં અરવલ્લી ના ધનસુરા ખાતે ફટાકડા ફોડી મીઠાઈ વહેચીને ઉજવણી કરાઈ હતી જેમાં ઓલ ઈન્ડિયા યુનિયનના પ્રમુખ વી. વી. પટેલ, સેક્રેટરી આર. એચ.ડી અને પોસ્ટ ઓફીસના કર્મચારીઓ પણ જોડાયા હતા.

### તલોદ તાલુકામાં જુલાઈ માસમાં ઓરી-રૂબેલાની રસીકરણનું મહાઅભિયાન

૧૫મી જુલાઈ ૨૦૧૮થી ગુજરાત સરકાર દ્વારા ૯ માસથી ૧૫ વર્ષ સુધીના તમામ બાળકોને ઓરી-રૂબેલાની રસીથી આવરી લેવાનું મહાઅભિયાન હાથ ધરવામાં આવનાર છે. જેના ભાગરૂપે તલોદ તાલુકામાં હેલ્થ કચેરી તલોદ દ્વારા તા. ૨૫મી મેના રોજ પ્રાંત ઓફિસરની અધ્યક્ષતામાં પ્રાંતિજમાં મીટીંગ યોજાયેલ. ફિમેલ હેલ્થ વર્કરનો વર્કશોપ પણ યોજવામાં આવ્યો હતો તેમજ તલોદ ખાતે મીઝલ્સ રસીકરણ અંતર્ગત માઈક્રો પ્લાન માટેની મીટીંગ યોજવામાં આવી હતી. તલોદ તાલુકામાં ૪૮૪૬૬ જેટલા નવ માસથી ૧૫ વર્ષના બાળકો છે. અણીયોડ, આંત્રાલી, ખેરોલ, પુંસરી, રોઝડ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં આ કામગીરી શરુ કરાશે. બાળ સુરક્ષા વિભાગનો સહકાર પણ લેવામાં આવશે.

# ખેડબ્રહ્મામાં રાધા કૃષ્ણ મંદિરે ભાગવત કથાનો ભવ્ય પ્રારંભ

### જીવનનો થાક ઉતારે તેનુ નામ કથા - નારાયણ દાસ મહારાજ

ખેડબ્રહ્મામાં ઠાકોર મંદિર ધ્વારા અધિક પુરસોત્તમ માસ અંતર્ગત ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતરગત સુથાર લીલાબેન અમૃતલાલ ના નિવાસ સ્થાનેથી પોથીયાત્રા ધામધૂમથી નીકળી ગામમાં ફરી મંદિરે નીજપહોંચી હતી. પોથીયાત્રામાં મોટી સંખ્યામાં ભવિકભક્તો જોડાયા હતા.

કથા સ્થળે વ્યાસપીઠ પર નારાયણદાસ મહારાજ (મુંબઈવાળા) એ મંગલા ચરણ, ગોકર્ણ આખ્યાન કર્યું હતું. તેમને જણાવ્યું હતું કે કપડાં ધોવાથી મેલ દૂર થાય તેમ કથા શ્રવણ થી મનનો મેલ દૂર થાય છે. ભાગવત સપ્તહમા પરીક્ષિત જન્મ, નૃહસી, વામન અવતાર, રામ અને કૃષ્ણ જન્મોત્સવ, નંદ ઉત્સવ, ગોવર્ધન પૂજા, જેવા પ્રસંગો ઉજવવામાં આવશે, ભાગવત કથા સફળ બનાવવા મંદિર ટ્રસ્ટના પ્રમુખ



જસવંતલાલ ભાવસાર, ટ્રસ્ટી અરવિંદભાઈ પટેલ, સૂર્યકાન્ત સોની પૂજારી જસવંતભાઈ પંડ્યા અને ગોપી મંડળની બહેનો જહેમત ઉઠાવી રહી છે.

### ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના

# નગરસેવક અને એન્જિનિયર વચ્ચે ચકમક ઝરતો વિડિઓ વાયરલ

### દબાણનો વિરોધ કરતા ભાજપી નગરસેવક અને એન્જિનિયર વચ્ચે તું.. તારી...થતા ચકચાર

પાલનપુરના મધ્યમાંથી પસાર થતી લોકમાતા લડબી નદીના પટમાં થતા દબાણો સામે જનાક્રોશ ભભૂકી ઉઠ્યો છે. ત્યારે આજે દબાણો દૂર કરાવવાને મામલે ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના એન્જિનિયર અને ભાજપના નગરસેવક વાકયુદ્ધ પર ઉતરી આવ્યા હોવાનો વિડિઓ વાયરલ થતા ચકચાર મચી જવા પામી છે.



પાલનપુરની લડબી નદી ના પટમાં થઈ રહેલા દબાણોને લઈને લડબી નદી લુપ્ત થઈ રહી છે. ત્યારે લોકોએ લડબી બચાવો અભિયાન છેડ્યું છે. ત્યારે આજે પણ બિલ્ડરો અને તંત્રની મિલીભગતથી નદીના પટમાં બાંધકામ થઈ રહ્યા છે. આજે સર્કીટ હાઉસ પાછળ સિદ્ધરાજ જયસિંહ નગર વિસ્તારમાં બિલ્ડર દ્વારા ડીપી રોડ દબાવી ચાલી રહેલા બાંધકામ સામે સ્થાનિક રહીશોએ વિરોધ જતાવ્યો હતો. અને બની રહેલ કમ્પાઉન્ડ વોલનું કામ બંધ કરાવ્યું હતું.

જોકે, ઘટનાસ્થળે દોડી આવેલા ભાજપના નગરસેવક અને સટ્રીટલાઈટ ચેરમેન અતુલ ચોક્સી અને પાલિકાના એન્જિનિયર કે.આર.જોશી આમને-સામને આવી ગયા હતા. બન્ને વચ્ચે ચકમક ઝરી હતી. જોકે, તેઓ હાથાપાઇ પર ઉતરી આવે તે પૂર્વે લોકોએ તેમને છુટા પાડ્યા હતા. જોકે, શાસક પાર્ટીના નગરસેવક સામે બાંયો ચડાવનાર પાલિકાના એન્જીનીયર એ પોતે આ બાબતે ચિંતિત હોવાનું જણાવી મીડિયાને પણ સૂફીયાણી સલાહ આપી હતી. આમ, નગરપાલિકાનો એન્જિનિયર સત્તાપક્ષના નગર સેવકોને પણ ગાંઠતો ન હોઈ પાલિકાના વહીવટ સામે સવાલ ઉભા થયા છે.

#### મીડિયાને સૂફીયાણી સલાહ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના શાસકોની રહેમ નજર તળે મલાઈદાર પોસ્ટ પર બિરાજમાન એન્જિનિયર કે. આર. જોશી લાજવાને બદલે ગાજયા હતા. તેઓએ લડબી નદીના દબાણો પરત્વે ચિંતા જતાવતા તમામ દબાણો દૂર કરવાની શેખી મારતા લડબી મુદ્દે અસરકારક અહેવાલો પ્રસિદ્ધ કરી તંત્રની ઊંઘ હરામ કરનાર મીડિયાને પણ લડબી નદીના દબાણો મુદ્દે દહેશત નહીં ફેલાવવાની સૂફીયાણી સલાહ આપી હતી.

# ડીસામાં બ્રહ્મ સમાજ દ્વારા વિદ્યાર્થીઓને રાહતદરે ચોપડાનું વિતરણ કરાયું

ડીસા, તા. ૭

બનાસકાંઠાના ડીસા ખાતે વસતા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સમાજના ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડાનું વિતરણ કરાયું હતું. સમાજના જરૂરીયાતમંદ અને ગરીબ બાળકોને રાહત દરે ચોપડા વિતરણ કરાતા વાલીઓએ હાશકારો અનુભવ્યો હતો. આ પ્રસંગે બ્રહ્મસમાજના એક હજારથી વધુ બાળકો ઉપસ્થિત રહ્યા હતા. ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં બ્રહ્મ સમાજના ત્રિકમભાઈ ત્રિવેદી, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ દવે,



ભરતભાઈ હકનાજી જોશી, યાજ્ઞિકભાઈ શર્મા સહિત અન્ય આગેવાનો સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.આ કાર્યક્રમમાં બ્રહ્મ સમાજ દ્વારા પ્રથમવાર રાહત દરે ચોપડા વિતરણ કરવામાં આવતા સમાજમાં પણ આંનદની લાગણી જોવા મળ હતી.

# સદરપુરમાં રેલવેના અધિકારીઓના ત્રાસથી ૭૦ ખેડૂતોની આત્મવિલોપનની ચિમકી

### રેલવે કોરિડોરના કામમાં ખેડૂતના ઉભા પાકમાં વાહનો ફેરવાયા : કુવા નજીકનો રસ્તો ખોદી નાંખતા પાણી વિના ટળવળતા પશુઓ

કેન્દ્ર સરકારની વેસ્ટર્ન રેલવે પ્રોજેકટ કોરિડોરના જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જ્યાં પાલનપુર તાલુકાના સદરપુર ગામે ગતરોજ રેલવેના અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારની જાણ કર્યા વિના પોલીસ કાફલા સાથે ખેડૂતના ખેતરમાં વાહનો ફેરવી ભેલાણ કરવામાં આવતાં તેમજ ખેતરમાં કુવા નજીકનો રસ્તો ખોદી કાઢવામાં આવતાં ભારે રોષ ઉદ્દભવ્યો છે. આ મુદ્દે ૭૦ જેટલા ખેડૂતોએ આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારતાં ચકચાર મચી જવા પામી છે.

કેન્દ્ર સરકારની વેસ્ટર્ન રેલવે પ્રોજેકટ કોરિડોરના જમીન સંપાદનની પ્રક્રિયા સામે ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો હતો. પાણીના મોલે હડપ કરવામાં આવી રહેલી જમીન અને ઓછા વળતરના મુદ્દે પાલનપુરમાં અગાઉ યોજાયેલી બેઠકમાં ખેડૂતોએ ઉગ્ર આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારી હતી. આવી સ્થિતિમાં પાલનપુર તાલુકાના સદરપુર ગામે બુધવારે રેલવે તંત્ર દ્વારા બળજબરી પૂર્વક જમીન સંપાદન કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ અંગે ખેડૂત કમલેશભાઈ પટેલે આક્રોશ સાથે જણાવ્યું હતુ કે, ભાજપની સરકારમાં ખેડૂતો ઉપર ત્રાસ ગુજારવામાં આવી રહ્યો છે. બુધવારે રેલવેના અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારની જાણ કર્યા વિના પોલીસ કાફલા સાથે મારા ખેતરમાં વાહનો ફેરવી ભેલાણ કરવામાં આવ્યું છે. તેમજ ખેતરમાં કુવા નજીકનો રસ્તો ખોદી કાઢતા ચાલીસ જેટલા ગાય- ભેંસને પાણી કેવી પીવડાવવું તે પ્રશ્ન ઉભો થયો છે. પશુઓ પાણી વિના ટળવળી રહ્યા છે.આ વિસ્તારના ૭૦ જેટલા ખેડૂતો માટે મરવાનો વારો આવ્યો છે. જો ન્યાય નહિ મળે તો અમો આત્મ વિલોપન કરીશુ. ઉલ્લેખનીય છે કે, રેલવે તંત્રની આ કાર્યવાહીની જાણ થતાં પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી ત્યાં દોડી ગયા હતા. અને કામગીરી અટકાવવા માટે રજૂઆત કરી હતી. પરંતુ રેલવે તંત્ર દ્વારા કામગીરી ચાલુ રખાઈ છે. આગામી દિવસોમાં આ મુદ્દો ઉગ્ર બને તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

### બનાસકાંઠાની લડબી નદીના પટમાં થયેલા દબાણો તોડી

# નાળાની સફાઈ કરવાનો આદેશ કરતાં દબાણકારો-ભૂમાફિયાઓમાં ફફડાટ

પાલનપુરમાં લુપ્ત થઈ રહેલી લડબી નદીને બચાવવા શહેરના ચોથી જાગીરના પ્રહરીઓની સાથે જનતાએ પણ આંદોલન છેડતાં આખરે જિલ્લા કલેકટર ખુદ આ મુદ્દે એકશનમાં આવ્યા છે. જેમણે ગતરોજ લડબી માતાને નમન કરી પટમાં અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ત્રણ કલાક સુધી રૂબરૂ સર્વે કરી દબાણો તોડી પાડવા માટે તેમજ નાળાઓની સફાઈ કરવા માટે આદેશ આપ્યા હતા. જેના પગલે દબાણકર્તાઓ અને ભૂમાફિયા- બિલ્ડરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પાલનપુરમાં લડબી નદીના દબાણો અંગે મિડિયાકર્મીઓની આહલેકને પ્રજાજનોનું સમર્થન સાંપડતાં આ મુદ્દો ઝૂંબેશના સ્વરૂપમાં આવી ગયો હતો. લડબીના દબાણો દૂર કરવા માટે પ્રજાજનો દ્વારા વડાપ્રધાનને એક લાખ પત્રો લખવામાં આવ્યા હતા. નગરપાલિકાના વર્તમાન અને પૂર્વ ભાજપના સદસ્યો દ્વારા



આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. જે બાદ જિલ્લા કલેક્ટર સંદિપ સાગલે દ્વારા જમીન દફતર અને નગરપાલિકાના અધિકારી ઓ સાથે તાકીદની બેઠક યોજવામાં આવી હતી. જેમાં કલેકટરના આદેશથી લડબી નદીના દબાણો દૂર કરવા માટે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જોકે, સર્વેમાં નગરપાલિકાના કેટલાક અધિકારીઓ દ્વારા દબાણકારોને છાવરવામાં આવી રહ્યા હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. આવી સ્થિતિ વચ્ચે જિલ્લા કલેકટર સંદિપ સાગલેએ અધિકારી અને કર્મચારીઓના કાફલા સાથે મંગળવારે રૂબરૂ જ નદીના પટમાં સર્વે માટે નીકળ્યા હતા. જેમણે ત્રણ કલાક સુધી વિવિધ સ્થળોની મુલાકાત લઈ દબાણો દૂર કરવા તેમજ નાળાઓની સફાઈ કરવા માટે આદેશ કર્યા હતા. જેના પગલે પટમાં દબાણકર્તાઓ, બિલ્ડરો અને ભૂમાફિયાઓમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.